सा विद्या या विमुक्तये

# શારદ

નવેમ્બર-૨૦૨૨ - વર્ષ ૪૨, અંક-૨



રમતોત્સવમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓ



ક્રિકેટ પ્રેક્ટિસ માટે નવી બે પ્રકારની પીચ



શિસ્તબધ્ધ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ

પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

# મ્યુઝિયમ ઓન વ્હીલ પહેલના ભાગરૂપે શરૂ કરાયેલી બસ મુંબઈથી અમદાવાદ આવી

તારીખ : ૧૬-૦૭-૨૦૨૨











સંગીતના વાદ્યોના ઐતિહાસિક વારસાને વિદ્યાર્થીઓએ જાણ્યો

# આઝાદીકા અમૃત મહોત્સવ

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે શાળામાં ૧૫ ઓગસ્ટના રોજ ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો. શાળાના નિવૃત્ત થતા શિક્ષક દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમ સંપન્ન થયો. ત્યારબાદ શાળા તરફથી એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલી શાળાના કમ્પાઉન્ડમાંથી નીકળી ૧.૩૦ કિલોમીટર અંતર કાપી શાળાના મેદાનમાં જય ઘોષ કરતી પરત ફરી દેશને આઝાદીનો રંગ શારદામંદિરના દરેક બાળમાં ઉદભવ્યો. ૭૫૦ બાળકો, ૫૦ વાલી, ૧૦૦ શિક્ષકો હાથમાં તિરંગો, ઢોલ નગારા અને સુત્રોચ્ચાર કરવા નવા શારદામંદિર રોડ ઉપર નીકળ્યા ત્યારે આજુબાજુની સોસાયટીના રહીશોએ પણ તાળીઓ અને ભારતમાતાકી જય ના ઘોષ કરવા બાળકોને આવકાર્યા હતાં. ઘણા લાંબા સમય બાદ શારદામંદિરના બાળકો આ રીતે રોડ ઉપર રેલી કાઢતા જોઈ ખૂબ આનંદ થયો.











## National Games Awareness Campaign
## હેઠળ આયોજીત શાળાનો રમતોત્સવ

શારદામંદિર વિનયમંદિર શાળામાં ડીસીપી શ્રી ભારતી પંડ્યા, પી.આઈ. પાલડી સ્ટેશનના શ્રી રિધ્ધી દવે, આઈ.ટી.આઈ. કુબેરનગરના શ્રી તન્વી પટેલ તથા કાર્યપાલક ઈજનેર શ્રી એસ.એમ.શાહ સાહેબ હાજર રહ્યા હતાં.

શાળામાં આંતરગૃહ રમતોત્સવની અંદર કુલ ચાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનુક્રમે મેઘદૂત, પદ્મપુકુર, ગીતગોવિંદ અને ચંદ્રમૌલી ગૃહોની વચ્ચે આંતરિક સ્પર્ધાઓ યોજાઈ. સેમી ફાઈનલમાં કબડ્ડીનુંપરિણામઆવ્યા બાદ બે ફાઈનલ રમવા જતી ટીમોની વચ્ચે સ્પર્ધા યોજાઈ જેમાં ભાઈઓમાં મેઘદૂત અને બહેનોમાં ગીતગોવિંદ ગૃહની ટીમવિજેતા બની. તેવી રીતે ખો-ખો માં ભાઈઓમાં પદ્મપુકુર ગૃહ અને બહેનોમાં ગીતગોવિંદ ગૃહની ટીમ વિજેતા બની. શાળાના દરેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ વચ્ચે સંગીત ખુરશીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ભાઈઓનાં પદ્મપુકુર ગૃહમાંથી રાઠોડ રૂદ્રાક્ષ નિર્દોષભાઈ વિજેતા બન્યા. બહેનોમાં મેઘદૂત ગૃહમાંથી શાહ કાવ્યા બીજલકુમાર વિજેતા બની. શાળામાં ચેસની રમત ચાર ગૃહો વચ્ચે યોજવામાં આવી જેમાં ગીતગોવિંદ ગૃહમાંથી પટેલ ક્રિપલ મહેશકુમાર વિજેતા બની અને ભાઈઓમાં ચંદ્રમૌલી ગૃહમાંથી શાહ વંશ રાકેશભાઈ વિજેતા બન્યા.

**ખો-ખો : ભાઈઓ : ફાઈનલ વિજેતા**

| **પદ્મપુકુર** | **ધોરણ** |
|---|---|
| ૧. ચૌહાણ શિવમ | ૯ |
| ૨. નગવાડિયા તુષાર | |
| ૩. દવે ધ્વનિત | ૯ |
| ૪. શાહ ક્રિશ | |
| ૫. પટેલ ક્રિશ | |
| ૬. શાહ હેનીલ | |
| ૭. શાહ જૈનમકુમાર | |
| ૮. પ્રજાપતિ મંથન | |
| ૯. ચૌહાણ આર્ય | |

**ચેસ**

૧. પટેલ ક્રિપલ





| **કબડ્ડી : (મેઘદૂત) વિજેતા** | **ધોરણ** |
|---|---|
| ૧. દેસાઈ નીર મોહનભાઈ | ૧૨ |
| ૨. ચૌહાણ મીત ગૌરવભાઈ | ૧૧ |
| ૩. ભરવાડ મિહિર ગીરીશભાઈ | ૧૦ |
| ૪. જોષી કુશ મનીષભાઈ | ૧૧ |
| ૫. લગડ સાહીલ હરેશભાઈ | ૧૧ |
| ૬. પટેલ સ્મિત આશિષ | ૧૨ |
| ૭. કડિયા કહાન પ્રશાંતભાઈ | ૧૦ |
| ૮. ગોકલાણી જશ મનીષભાઈ | ૧૦ |
| ૯. જાની દક્ષ ભાવેશકુમાર | ૧૨ |

**સંગીત ખુરશી**

૧. રાઠોડ રૂદ્રાક્ષ નિર્દોષભાઈ — પદ્મપુકુર







### બહેનો વિજેતા ટીમની યાદી

| **કબડ્ડી - ગીતગોવિંદ** | **ધોરણ** |
|---|---|
| ૧. રાજપુત હેત્વી મેહુલભાઈ | ૧૧-અ |
| ૨. પ્રજાપતિ જેની દિલીપકુમાર | ૧૧-બ |
| ૩. વખારિયા હેત્વી ચિરાગ | ૧૨-અ |
| ૪. સોની ડિંકલ આશિષભાઈ | ૧૨-અ |
| ૫. શાહ મનવી સૌરભકુમાર | ૯ |
| ૬. જોષી નુપુર કેદારકુમાર | ૧૦-બ |
| ૭. વણઝારા રણક લાલાભાઈ | ૧૨-અ |

**ચેસ**

૧. શાહ વંશ રાકેશભાઈ — ધો.૧૨

| **ખો-ખો (ગીતગોવિંદ)** | **ધોરણ** |
|---|---|
| ૧. પટેલ ક્રિશા અલ્પેશભાઈ | ૯ |
| ૨. આજુગીયા યશ્વી યોગેશભાઈ | ૧૦-બ |
| ૩. સોની ડિંકલ આશિષભાઈ | ૧૨-અ |
| ૪. શાહ ધ્રુવાબેન નૂતનકુમાર | ૧૧-અ |
| ૫. જોષી નુપુર કેદારકુમાર | ૧૦-બ |
| ૬. વણઝારા રણક લાલાભાઈ | ૧૨-અ |
| ૭. વખારિયા હેત્વી ચિરાગ | ૧૨-અ |
| ૮. દત્ત ધ્રુપ્તિ મુકેશભાઈ | ૯ |
| ૯. પ્રજાપતિ જેની દિલીપકુમાર | ૧૧-બ |
| ૧૦. શાહ મનસ્વી સૌરભકુમાર | ૯ |

**સંગીત ખુરશી**

૧. શાહ કાવ્યા બીજલકુમાર (ધો.૧૨) — મેઘદૂત

# શારદ

સા વિદ્યા યા વિમુક્તયે

નવેમ્બર-૨૦૨૨
વર્ષ ૪૨, અંક-૨

શારદામંદિર, અમદાવાદ.


વાલીગણ
વિદ્યાર્થીમિત્રો
કુશળ હશો

ત્રણ વર્ષના લાંબા ગાળા બાદ હળવાશથી શાળા શરૂ થઈ બાળકોની આંખમાં આંખ મેળવવાનું શક્ય બન્યું. વાતાવરણ ધમધમતુ થયું. શાળા અમારી કિલ્લોલ કરતી ગુંજતી થઈ. શાળામાં શોરબકોર હોકારા પડકારા વાગવા માંડ્યા. નવી ચેતના આવી. નવો સમય ફરી આવ્યો હોય તેવું લાગ્યું. દરેક ક્ષણ નવી આશાઓ અને નવા પડકારો સાથે આવે છે. હવે નવા પડકારો શરૂ થયા છે. બાળકોની માનસિક સ્થિતિમાં ફેરફાર આવ્યા છે. એક જગ્યા પર સ્થિર બેસી રહેવાની તકલીફ, વાતચીત કરવાની તકલીફ, તોછડાઈપૂર્વકનું વર્તન અને ક્યાંક ક્યાંક તો પોતાની ચાલી, સોસાયટી કે ફ્લેટની જે બોલાચાલી અસભ્યતા દેખાવા લાગી છે. લાંબુ લખાણ બાળકો ભૂલી ગયા છે. ગાડી ધીમે ધીમે પાટે ચડી રહી છે. ધો.૧૨ ના વિદ્યાર્થીઓમાં ભણતર બાબતે ભારે મુશ્કેલી પડી રહી છે. ઉંમર અને આળસપણું ઘર કરી ગયું છે. શિક્ષક-શાળા સાથે વાલીએ પણ આ બાબતમાં ગહન વિચાર કરવો રહ્યો.

વર્તમાન સમયની જરૂરીયાતને સમજી ટ્રસ્ટીમંડળ દ્વારા પણ યોગ્ય પગલા લેવાયા છે. શાળામાં દરેક દરવાજા ઉપર મેદાન ઉપર સીસીટીવી કેમેરાની સગવડ ઊભી કરવામાં આવી છે. મેનેજમેન્ટ સદાને માટે સક્રિય રહી માર્ગદર્શન પુરૂ પાડે છે. જેથી શાળા સંચાલનમાં અગવડ પડતી નથી. ક્રિકેટનું મેદાન પણ મેનેજમેન્ટના પ્રયાસથી કાર્યરત બન્યું છે. ભવિષ્યમાં પણ બાળકોને ઉપયોગી વ્યવસ્થા મેનેજેમેન્ટ વિચારી રહી છે અને સમયાંતરે તે કરવામાં આવશે.

બાળકોને લેસન ડાયરી અને પ્રગતિપત્રકની વ્યવસ્થા કરવામાં આવી છે. વાલી એ અંગે જાણકારી મેળવી લખેલા નિયમો બાળકને સમજાવે તે જરૂરી થઈ રહ્યું છે. પ્રથમ પરીક્ષા થઈ ચૂકી છે. ટૂંકાગાળામાં દિવાળી વેકેશન છે. બાળકો દિવાળી કાર્ય બરાબર કરે તે સુનિશ્ચિત કરશો.

શાળાના બાલમંદિરમાં પણ સીસીટીવી અને લાઈટ, સીક્યુરીટી વ્યવસ્થા જરૂરી લાગતા મેનેજમેન્ટ દ્વારા ઊભી કરવામાં આવી રહે છે. એનસીસીની પ્રવૃત્તિમાં પણ શાળાના બે બાળકો (કેડેટ) આગળ વધી રહ્યા છે. જેઓ કુદરત સાથ આપશે તો ૨૬ જાન્યુઆરીએ દિલ્હી રાજપથ ઉપર જોવા મળશે. શાળામાં શિસ્તના પાઠ શીખે, વાતચીત અને બાહ્ય વિકાસ માટે નીચેના ધોરણોમાં સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. બાળકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. તે આનંદની વાત છે.

આભાર.

- આચાર્ય
( વિજય રાવલ)

**શાળામાં દિવાળી વેકેશન તા. ૨૦-૧૦-૨૨ ગુરૂવાર થી તા. ૯-૧૧-૨૨, બુધવાર સુધી રહેશે**
**તા.૧૦-૧૧-૨૨, ગુરૂવારથી શાળા રાબેતા મુજબ ચાલુ થશે.**

# અભિનંદન



શારદામંદિર વિનયમંદિર ધો.૧૦(બ)માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચિ. જૈનિલ અશ્વિનભાઈ ડોડીયા લગભગ છેલ્લા ત્રણેક વર્ષ પહેલાથી Shito Ryu Karate માં સીનીયર પ્લેયર છે, હાલ તે Sr. Green Belt છે. Nathional Tournament 3rd All India SSKAJ Shitoryu Karate Championship 2022 જે ૨૫ અને ૨૬ મે ૨૦૨૨ ઉદયપુર ખાતે યોજાઈ હતી જેમાં તેને 2 Gold Medals અને સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ છે જે બદલ ચિ. જૈનિલને ખૂબ ખૂબ અભિનંદન.



સરકારશ્રી તરફથી બનાવવામાં આવેલ વિજ્ઞાન વિષય માટેની સ્ટાન્ડર્ડ ક્લબની સ્થાપના પ્રસંગે આપણી શાળાના જીવવિજ્ઞાનના શિક્ષીકા શ્રી ફાલ્ગુનીબેન દરજી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.



શાળામાં ટ્રસ્ટી મંડળના પ્રયત્નોથી બે પીચનું નિર્માણ કરવામાં આવેલ છે. એક પ્લાસ્ટર પીચ અને બીજી એસ્ટ્રોટફ પીચ. જેથી બાળકો સારી રીતે પ્રેક્ટીસ કરી શકે. જેની ફળશ્રુતિ સ્વરૂપે અમદાવાદ શહેરમાં યોજાયેલી U-19 સ્કાય સુપર લીગ ચેમ્પીયનશીપમાં શાળા તરફથી ક્રિકેટરોએ ભાગ લીધો. સામે કેમ્પ અને ક્લબ કક્ષાની ટીમો હોવા છતાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળામાં ટ્રોફી જીતી લાવ્યા. આ ટુર્નામેન્ટમાં ૨૦ ટીમ હતી, આપણી શાળા રનર અપ બની. ટીમના દરેક ખેલાડીનું યોગદાન શ્રેષ્ઠ રહ્યું. મોર્ડન હાઈસ્કુલ વિભાગનો વિદ્યાર્થી ચિ.એમિલ હેરી એ મેન ઓફ ધ સીરીઝનો ખીતાબ જીતી ઈનામ તરીકે સ્પોર્ટસ શુઝ અને લેટેસ્ટ બેટ ભેટમાં પ્રાપ્ત કર્યું. ક્રિકેટ ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

હાલ વર્તમાન રમાતી CBCAની ઈન્ટર સ્કુલ સ્પર્ધામાં પણ U-19, U-14 ની ટીમ વિજેતા બની. પ્રથમ રાઉન્ડ જીતી લીધો છે. શાળાના ખેલાડી ચિ.કરણ ઠકકરે ૧૦૨ રન મારી નોટ આઉટ રહી સિધ્ધી હાંસલ કરી છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# બાલમંદિર વિભાગ

**તા.૧૩/૬/૨૦૨૨ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું. લાંબી રજાઓની મજા માણી બાળકો હર્ષભેર શાળાએ આવ્યા.**

- સંગીતમાં ગવાતા બાળગીતો અને અભિનયગીતો બાળકો તાલબધ્ધ રીતે ગાતા જોવા મળે છે.
- જીવનમાં જરૂરી એવા અને સ્વચ્છતાનું મહત્વ સમજાવતા વિવિધ પાઠ જેવા કે નખ કાપવા, હાથ ધોવા, બાથરૂમ નિયત સ્થાને જવું, ચંપલ યોગ્ય જગ્યાએ મૂકવા, લાઈનમાં ચાલવું, વૃક્ષોની જાળવણી કરવી. જેની સમજ પ્રત્યક્ષ રીતે આપી.
- ચિત્રવાર્તા રૂપે વિવિધ વાર્તાઓ જેવી કે ઉંટ અને શિયાળ, સસલું અને કાચબો, કાગડો અને શિયાળ, મગર અને વાંદરો, ચિત્ર જોઈને વાર્તા સાંભળવાની બાળકોને મજા આવી.
- તા.૨૧-૬-૨૨ને મંગળવારે 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે ૐકાર કરાવી યોગ કરવાથી થતા ફાયદા સમજાવ્યા.
- તા.૩૦-૬-૨૨ને ગુરૂવારે રથયાત્રા પર્વની સમજ આપી. મગ, જાંબુ, કાકડી, કેરી, દાડમનો પ્રસાદ આપવામાં આવ્યો.
- તા. ૧૨-૭-૨૨ને મંગળવારે ગૌરીપર્વ નિમિત્તે જવારાનું પૂજન કરી નાની બાળાઓએ માથા પર જવારા લઈ 'ગોરમાનો વર કેસરિયો' ગાતા ગરબે ઘૂમી ઉજવણી કરી.
- તા. ૧૩-૭-૨૨ને બુધવારે ગુરૂપૂર્ણિમા નિમિત્તે એકલવ્યની ગુરૂ પ્રત્યેની ભક્તિની વાત કહી જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવ્યું.
- તા. ૧૫-૭-૨૨ને શુક્રવારે મોટા ઝાડના પાનની ઓળખ કરાવી ક્રિડાંગણમાં આવેલા મોટા ઝાડ લીમડો, પીપળો, વડ, આંબલી, આસોપાલવ બતાવી વૃક્ષોનું મહત્ત્વ સમજાવ્યું.
- તા. ૧૬-૭-૨૨ને શનીવવારે 'ભૂંડી ઉંદરડી'ની વાર્તા પપેટ દ્વારા રજૂ કરી. બાળકોએ તેની મજા માણી. બાળકોને આ પપેટ દ્વારા શારીરિક સ્વચ્છતાની સમજ આપી.
- તા. ૨૭-૭-૨૨ બુધવારે બાગાયાતના પાઠ દ્વારા બાગકામમાં વપરાતા વિવિધ સાધનોની ઓળખ કરાવી મેથીની વાવણી કરી.
- તા. ૨૩-૭-૨૨ને શનિવારે શાળાના વિશાળ ક્રિડાંગણમાં બાળકોને સંગીત ખુરશી, ખો-ખો, વિઘ્નદોડ, ઘનની રમત જેવી વિવિધ રમતો રમાડવામાં આવી.
- તા. ૩-૮-૨૨ને બુધવારે શાળાના '૯૯'માં સ્થાપનાદિનની ઉજવણી ગરબા અને કૂચગીત સાથે કરવામાં આવી. માનનીય શ્રી રૂપલબેને બાલપૂજન કરી બાળકોને આવકાર્યા.
- તા. ૪-૮-૨૨ને ગુરૂવારે શ્રી રૂપલબેન તરફથી બાળકોને શીરો અને શાકનો નાસ્તો કરાવવામાં આવ્યો.
- તા. ૮-૮-૨૨ને સોમવારે શ્રાવણમહિનાની પૂજા કરી ૐ નમઃ શિવાયની ધૂન બોલાવી.
- તા. ૧૦-૮-૨૨ને બુધવારે રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવી બાળકોને તિલક કરી રાખડી બાંધી મો મીઠું કરાવ્યું.
- તા. ૧૩-૮-૨૨ને શનિવારે સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરી રાષ્ટ્રગીત ગાઈ ૧૫મી ઓગસ્ટનું મહત્વ સમજાવ્યું. દેશને આઝાદી મળી તેને ૭૫ વર્ષ પૂર્ણ થયા એની સમજ આપી.
- તા. ૧૮-૮-૨૨ને ગુરૂવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી પર્વની ઉજવણી કરવામાં આવી. શ્રી વિજયભાઈએ દિપ પ્રાગટ્ય કરી બાળકોને અભિનંદન આપ્યા. રાજા કંસના પાત્રમાં ચિ. વિરાટભાઈએ ખૂબ જ સુંદર અભિનય કર્યો. ચિ.ત્રિશા તથા ચિ. પ્રિશા એ 'મૈયા મોરી મેં નહીં માખન ખાયો' ગીતને સુંદર અભિનય સાથે રજૂ કર્યું. ચિ. ઝિલબેને નટખટ કાનૂડો બની બાલ ગોપાલના દર્શન કરાવી સૌના મન મોહી લીધા.
- તા. ૨૭-૮-૨૨ને શનિવારે મહાવીર જન્મની ઉજવણી કરવામાં આવી. માતા ત્રિશલાને આવેલા સ્વપ્ન અને ચૌદ સૂપન પ્રત્યક્ષ બતાવી. પારણામાં ભગવાનને ઝુલાવવામાં આવ્યા.
- તા. ૩૦-૮-૨૨ને મંગળવારે ભગવાનશ્રી ગણેશજીની ઢોલ-નગારા સાથે સ્થાપના કરી.
- વાર્તા, પપેટ, ઉદ્યોગ, ચિત્રકામ, બાલસભા દ્વારા બાળકોની શક્તિ ખિલાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## બાલમંદિર વિભાગ

- તા. ૧૩-૯-૨૨ને મંગળવારે સુગંધી પાન તુલસી, લીમડો, ડમરો, લીલી ચા, કોથમીર, ફુદીનો, નીલગીરી, અજમો ની ઓળખ કરાવી.
- તા. ૨૦-૯-૨૨ને મંગળવારે સુગંધી ફુલ ગુલાબ, ચંપો, મોગરો, ગુલતોરો, બોરસલ્લી, જૂઈ, જાઈ ની સુગંધ કરાવી ફૂલની વેણી , બુકે બનાવી બાળકોને એની ઉપયોગીતા સમજાવી.
- તા. ૨૮-૯-૨૨ને બુધવારે નવરાત્રિ પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. બાળકોએ અવનવા વસ્ત્રો પરિધાન કરી ઉત્સાહભેર ભાગ લીધો. વાલી મિત્રોએ બાળકોની અભિવ્યક્તિને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.
- દિવાળીપર્વ નિમિત્તે વર્ગસફાઈ, ઘરે આવતા મહેમાનનું સ્વાગત, તોરણ, રંગોળી, સાથિયા બાળક પાસે કરાવ્યા. જેમાં નાના ભૂલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા.૨૦-૧૧-૨૨ને ગુરૂવારથી તા. ૯-૧૧-૨૨ સુધી શાળામાં દિવાળી વેકેશન રહેશે.

- ક્ષમાબેન ત્રિવેદી

(પ્રિન્સીપાલ-શારદામંદિર બાલમંદિર)

## વિદ્યાર્થી વિભાગ

**શાળાની સ્મૃતિ**

-દલદલીય રેતમાં રમતી આ 'શારદામંદિર' મળે ન મળે, ફરી આ દૃશ્ય સ્મૃતિપટ મળે ન મળે.
-ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો, પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
-સહપાઠીને ધરાઈને જોઈ લેવા દો,આ હસતાં ચહેરા, આ મીઠી નજર ફરી મળે ન મળે.
-ભરી લો આંખમાં વર્ગો, બારીઓ, ભીંતો, પછી આ વર્ગો, આ લોબી... આ શાળા મળે ન મળે.
-રડી લો આજ સંબંધોને વીંટળાઈને અહીં, પછી કોઈને કોઈની ખબર મળે ન મળે.
-વળાવવા આવ્યા છે એ ચહેરાં ફરશે આંખોમાં, ભલે જિંદગીની સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
-શાળાની ધૂળથી માથું ભરી લઉં હું આજ, અરે આ ધૂળ ફરી મળે ન મળે.

- ક્રિપલ પટેલ (ધો.૧૦-બ)

## Students' Corner

### Importance of Kindness

Importance of Kindness, What is kindness ? So kindness is a behaviour which shows a friendly and helful nature toward anyone by not considering it. Kindness can be done by any person to anyone.

Importance is being kind So, being kind toward anyone doesn’t mean that it should be big or greatful. It can be a simple kindness towards any animal, bird, human and even with plants also for being kind human’s brain feel more glad and supportive. Kindness is not like we need to be consider it everytime yeah, some time we shall consider it so it can be define as kindness. There are many suporting moments like some time we should feed street dogs, help someone to carry heavy loads and play and love with street dogs such as simple kind act can make the world kind to everyone.

Being kind means to be kind by own heart by not expecting for any reward for it expoerting for any reward cannot be count as kindness but some time we have to be kind in a manner else sometimes it make thing awkward situation like sometime we try to speak in kind manner but it takes a different meaning. At that time we should remember the manner of speaking to be kind.

But the great thing is that it isn’t difficult to be kind. Be kind is such a act which make anyone happy. When we are kind to anyone that person also kind to us. As it just a process of action and reation that couse kindness in anyone to everyone in the world. Simple kindness by everyone can make anyone full of kind and the world will seem difficult and kindful so being kind is important. It’s too easy that anyone can practice it in the world.

- Priya Vishwakarma
Std. 9E

### How Health is affected by Lifestyle

In recent decades, life style is an important actor of health. It is more interested by research according to WHO, 60% of selected factor to underdual heatlh and quality of life are connected to lifestyle. Millions of people follow an unhealthy lifestyle. hence they face illness, disability and even death.

We all talk about or taught to maintain a good health which only these factors eat, sleep and little bit exercise which is not completely right mentaland physical health are both as important to his a healthy maintaine dlifestyle. When do we get physical peace by rest, or eating favourite food or playing or etc. do we think of mental hatlth mental health includes our emotional, psychologial and social well being it affects how use think, feel and act it also helps determeaning how to handle stree, tenstion etc. mantal health is important at every stage of life, from childhoold to old.

Physical health is defined as the condition of your body, taking into consideration everything from absence of diseases to fitness level. Physical health in critical for overall well being, and can be affected by diet, level of physical activity and taking any kind of drugs (smoking, drinking, tobacco etc.)

We have to take precautions and steps that load health physical and mental lifestyle to combine healthy lifestyle because it starts with us, lefts take a now use will try our best at become a person with healthy lifestyle because it starts with us by changing little things in us.

Krina Goswami
11-E Commerce.

## Students' Corner

### Yoga and Mind Healing

Yoga is an ancient Indian art or Exercise. It connects our mind and body. It provide space to the inner system of our body. It is very useful for our health. It is very helpful in the mental, intellectual and spiritual development of people.

If our body is healthy then only there can be our mind healthy. Yoga makes our body and starts free. Yoga helps in keeping our mental and physical health intact. Regular practices of asana,s pranayama and meditation can help to cure diverse ailments live. diabetes, blood pressure, digestion, fagigue, asthama etc.

In today's time Yoga is practical worldwide with huge popularity, specially in western countries. In today's stressful atmosphere around us only yoga can help to keep our mind peaceful and stressfree. Yoga is also very useful for students as well. It helps to enhanced memory, better concentration, reduced eye strain and headache. Better sleep quality. Yoga improves our mental clarity. Through focused breathing and concentration, body awarness improves helping people becomes more aware of their physical and mental needs.

Yoga is skill in action - The Bhagwat Gita.

Yoga emphasizes the value of mindfulness, moderation, discipline and preservance.

Yoga is the artwork of awareness on the canvas of body, mind and sould. - Amit Ray

- Sakshi Sojitra
12E-Commerce

### Essay on "Climate Changes"

Climate change is basically a change in the pattern of the climate that last for few decades to centuries. Various factors lead to the change in the climatic conditions of earth. These factors are also reflected to us forcing mechanism. These Mechanism are either external or internal.

External forcing mechanisms can either be natural such as the variation in the Earth's Orbit, variation in solar radiation, volcanic eruptions, plate tectonics etc. or can be caused due to human activities such as green hous gases, carbon emisson etc. Internal forcing Mechanisms on the other hand are the natural process that occur within the climate system. These include ocean atmosphere variability as well as the presence of life on the earth.

Climate change is having negative impact or the forest, wildlife, water systems as well as the polar reglons of earch. A number of species of plant and animal have gone extinet due to the change in the climatic conditions on the earth and several others are affected adversely.

Human activities such as deforestation, use of land and use of Methods that lead to increase in carbon in the atmosphere have been a major cause in climate change in recent part. It is important to keep a check on such activities in order to control climate changes and to ensure enviromental harmony.

- Rajveersinh Jadeja (10-E)

Save Water, Save Trees,
To Hear the Buzzing Bees,
To Smell the Cool Breeze,
To See the Earth green,
Save Water, Save Trees,

Save everything we need.
Let us do some good deeds.
Let us Sow some more Seeds.
Let us throw all our Greeds.
Save everything we need.

- Aditya (6E)

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

## ૫૦ વર્ષ જૂની યાદો



પન્ના (પરીખ) પટેલ

મને કહેવામાં આવ્યું છે કે શાળાના સંસ્મરણો ૨૦ લીટીમાં લખી મોકલો. આ શક્ય છે? છતાં પ્રયત્ન કરું છું.

તે સમય શાળાઓ તો ઘણી હતી પણ શારદામંદિરની વાત કંઈ અલગ જ હતી. જીવનના ઘડતરમાં ફક્ત ભણતર જ જરૂરી નથી તે વાત પુ.વજુભાઈ સારી રીતે જાણતા હતા અને તેથી જ શાળામાં ભણતર સાથે રમતગમત, પ્રવાસ-પર્યટન, સ્થાપનાદિન, સ્વયંપાક જેવી ઘણી ઈત્તર પ્રવૃત્તિઓ થતી. જે મને ભણવા કરતાં પર વધારે ગમતી.

આજે પણ શાળામાં થતી પ્રાતઃપ્રાર્થના મને સૌથી વધુ યાદ આવે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે ૫ વાગે સ્કૂલે જઈ પ્રાર્થના કરવી, પછી કસરત કરવી, દરેક જાતના આસનો કરવા, પછી મેદાનમાં રમતો રમવી અને છેલ્લે મને જેનું વધુ આકર્ષણ હતું તે પ્રસાદ... રોજ જુદો જુદો પ્રસાદ મળે. ક્યારેક કેળાં કે બીજા ફ્રુટ તો ક્યારેક સિંગ-સાકરીયા. બસ મને તો શિંગ-સાકરીયા આજે પણ નથી ભુલાતા. એક મુઠ્ઠીમાં પ્રસાદ મળે તો બીજા હાથની મુઠ્ઠીમાં બીજી વાર પ્રસાદ લેવાનો અને તે ખાવાની મજા છેક ઘેર આવીએ ત્યાં સુધી રહે.

શારદામંદિરના પ્રવાસમાં જવાનો લ્હાવો પણ અલગ જ હતો. મિત્રો સાથે હરવા-ફરવાનો સમય કેમ પુરો થઈ ગયો તેનો અફસોસ આજે પણ થાય છે. શ્રી દીનુભાઈ, આશાબહેન, ઉષાબહેન વગેરેની પ્રવાસમાં લેવાયેલી વ્યક્તિગત કાળજી આજે પણ ભુલાતી નથી.

ઉપરાંત સુરેન્દ્રભાઈ, ગિરીશભાઈ, ચંદુભાઈ, કાન્તિભાઈ, કુમનભાઈ, હેમલતાબહેન વગેરેનો લાગણીસભર સ્વભાવ આજે પણ યાદ આવે છે. આજે પણ ઘેર ઘડિયાળમાં ડંકો વાગે ત્યારે ગુલાબજીનો ઘંટ યાદ આવી જાય છે.

આજે શાળા છોડે ૫૦ વર્ષ પૂરા થયા ત્યારે જિંદગી ભૂસાઈ જશે પણ શાળાના સુખદ સ્મરણો નહીં ભુલાય.

હું મોટી કેમ થઈ ગઈ? આ અફસોસ આજે પણ રહે છે.

(સંસ્મરણો - Class of 1969માંથી સાભાર)

---

## હું પ્રવાસી... અને મારી પગદંડી



કલ્પના (શાહ) કોરવાર

'કાલે ખેલતા, કૂદતા'તા ભમતા'તા આ ભૂમિમાં..' ના સૂર, શબ્દો અને ભાવ આજે પણ હજુ અંતર પટપર બરાબર કોતરાઈને બેઠા છે. શું એ અનુભૂતિ અને પ્રભાવને વાચા આપવાનું શક્ય છે ખરું?... પ્રયાસ જરૂરથી કરીશ.....મારી શાળાએ મને જે હંમેશાં કરવાને પ્રેરીત કરી...

પચાસ વર્ષો પછી જ્યારે આપણે આપણી લાગણીઓ અને અનુભવોને સજીવ કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ ત્યારે સાહજિકતાથી સ્મરણ, ચિંતન અને મનની પ્રક્રિયા જાણે-અજાણે શરૂ થઈ રહી છે.

શું જ્યારે આપણે ગાતા, નાચતા-કૂદતા કે નાટકો કરતાં... તોરણો બનાવતા, સ્વયંપાક કરતા, પ્રાતઃપ્રાર્થનામાં આવતા કે પ્રવાસમાં જતા ત્યારે આ બધું 'શા માટે' એવો પ્રશ્ન ક્યારેય મનમાં ઉપસ્થિત થતો હતો ખરો?

ચૂંટણી લડ્યા, ચિત્રો કર્યા, રમતો રમ્યા, સ્ટોર અને કેન્ટીન ચલાવ્યા, હિસાબો રાખ્યા, લાંબા પ્રવાસોમાં હળીમળીને રહ્યા-રમ્યા, અને શિક્ષકો તથા એકબીજા સાથે ગમ્મતો કરી અને આત્મીયતા કેળવી... પણ ત્યારે શું એની ગહન અસર આપણા વિકાસ પર દેખાતી હતી ખરી?

અવારનવાર ચિંતન કરતા એવું લાગે છે કે આપણે માટે તો જાણે સાથીદારો સાથેની મજા, આનંદ, સ્પર્ધા, ચતુરતા, સંવેદનશીલતાની ક્ષણોમાં પ્રવૃત્તિમય અને કાર્યરત રહેવું એટલું જ પૂરતું હતું. પરંતુ શાળા અને શિક્ષકો માટે આ બધું ચોક્કસ વધુ ગહન વિચારશૈલીમાં વણાયેલું હશે એવું લાગે છે. કંઈક નવું ફરવા માટેનું સતત પ્રોત્સાહન અને ઉત્સુકતા ઉપજાવી બાળકોને હંમેશાં ક્રિયાશીલ રાખવાનો એમાં એક સંકેત હતો.

કદાચિત, સૌને માટે નવી પગદંડીઓ બનાવવી, નવા અનુભવો કરાવવા અને બાળકોને કાર્યરત રાખી સામાન્ય પદ્ધતિસરના શિક્ષણ સાથે એક પ્રાયોગિક શિક્ષણ પણ આપવું એવો શાળાનો 'ધ્યેય' હશે. એનો આત્મસાદ આડકતરી રીતે જીવનમાં વારંવાર થતો રહ્યો... અને હવે એક અનેરી આત્મસંતુષ્ટિનો પણ અનુભવ પણ રહ્યો છે...

'કલરવ' કરતા, 'બાળરથિ' બનીને, 'ચલો ચલો'ના જુસ્સા અને આત્મશક્તિ સાથે... હું પ્રવાસી, ડગલે ને પગલે હંમેશાં નવી પગદંડી પર ચાલતી રહી. શાળા અને શિક્ષકોએ નવી તકો ઉભી કરી, અસંખ્યા પગદંડી બનતી રહી, વિકાસનો પ્રવાસ થતો રહ્યો અને આત્મવિશ્વાસ, પ્રેરણા તથા આનંદનો સંચય થતો રહ્યો.

હાલમાં, આ પ્રવાસી, સાચા હૃદયથી શાળાના ઋણી બનીને, એ જ અડગ આત્મશક્તિ સાથે અનેક નવી પગદંડીઓ પણ પ્રવાસ કરી રહી છે... અને ચોક્કસ કરતી રહેશે.

કૃતજ્ઞતા સાથે... પ્રણામ.

(સંસ્મરણો - Class of 1969માંથી સાભાર)

## શિક્ષક વિભાગ

માનવ જીવનમાં ભારતીય સંગીત ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. માનવની સંગીત પ્રત્યેની અનુભૂતિ અત્યંત પ્રાચીન કાળથી ચાલતી આવી છે. દરેક મનુષ્યને સંગીત સાંભળવું, ગાવું કે વગાડવું ખુબ જ પ્રિય હોય છે. સંગીત જ્યારે વાજિંત્ર સાથે સાંભળવામાં આવે તો તે ખૂબ જ મધુર લાગ છે.

મોટા ભાગની વ્યક્તિઓએ ઈલેક્ટ્રોનિક સંગીત સાંભળ્યુ અને જોયું હશે પણ જૂના વાદ્યોને જોવા સાંભળવા દુર્લભ છે. જુના વાદ્યોની જાણકારી બાળકો અને મોટા બધાને થાય તે હેતુથી મુંબઈમાં આવેલ છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય સંસ્થાએ પહેલ કરી છે. જુદા જુદા વાદ્યો જુદી જુદી જગ્યાએ હોવાથી ત્યાં જઈ શકાતું નથી તેથી આ સંસ્થાએ મ્યુઝિયમઓન વ્હીલ્સ બસમાં જ તૈયાર કરી, જુદી જુદી જગ્યાએ પ્રાચીન વાદ્યો વિશેની જાણકારી આપણને મળી શકે છે. આ પ્રાચીન વાદ્ય લાકડામાંથી, વાંસમાંથી, ચામડામાંથી પક્ષીની પાંખના હાડકામાંથી એમજુદી જુદી રીતે બનાવવામાં આવેલા છે. મ્યુઝિયમ ઓન વ્હીલ્સ દ્વારા આ વાદ્ય કેવીરીતે બન્યા, કેવી રીતે વગાડાય છે, તે બનાવવા શેનો ઉપયોગ થયો વગેરે જેવી બાબતોથી માહિતગાર થઈ શકાય છે.

**- મનીષ પટેલ (શિશુમંદિર)**

હું રોમા પટેલ, હાલ શારદામંદિર શિશુમંદિરમાં શિક્ષક તરીકેની ફરજ બજાવી રહી છું. આમતો આપણે દરરોજ કંઈક નવું શીખતા અને જાણતા હોઈએ છીએ, પણ શાળા અને કોલેજનો અનુભવ કંઈક અલગ જ હોય છે. મેં પણ મારા ફાઈન આર્ટસ (કોમર્શીયલ આર્ટ) અને એટીડી એટલે આર્ટ ટીચર્સ ડિપ્લોમાના અભ્યાસ દરમિયાન ઘણી અવનવી વસ્તુ શીખી અને ઘણી પ્રવૃત્તિમાં ભાગ લીધો. વર્ષ ૨૦૧૬માં મેં 'Mrs. Gujarat'ની કોમ્પિટીશનમાં ભાગ લીધો, તે કોમ્પિટીશન દરમિયાન પણ મને ઘણું નવું જાણવા અને શીખવા મળ્યું જેમાં હું ત્રીજા સ્થાને આવી. આમ શિક્ષણ અને અવનવી પ્રવૃત્તિ દ્વારા મારા જીવનરૂપી ચિત્રમાં મે અવનવા રંગ ભર્યા, આજે આ ચિત્રમાં હું એક નવો રંગ ઉમેરવા જઈ રહી છું એટલે કે એક નવી પ્રવૃત્તિ સાથે જોડાવા જઈ રહી છુ અને મને વિશ્વાસ છે કે આ પ્રવૃત્તિ સાથે જોડાઈ હું ફરીથી કંઈક નવું શીખી અને આગળ વધીશ. મને જણાવતા આનંદ થાય છે કે તાજેતરમાં આપણી શાળામાં જે નવી પ્રવૃત્તિની શરૂઆત કરવામાં આવી છે, તે છે 'સ્કાઉટ ગાઈડ'. બાળક ભણતર સાથે કંઈક નવું શીખી અને આગળ વધે તેવી દરેક માતા પિતાની ઈચ્છા હોય છે. સ્કાઉટ ગાઈડ એક એવી પ્રવૃત્તિ છે જેમાં બાળક માનસિક અને શારીરિક રીતે તો તૈયાર થાય જ છે અને તેની સાથે સાથે બાળકમાં સંપ, સહકાર, સેવા, સફાઈ, સ્વાશ્રય અને સાદગી જેવા ગુણોનો વિકાસ પણ થાય છે. લોર્ડ લેબન પોવેલે સ્થાપેલ આ સંસ્થા આજે વિશ્વભરમાં ભાઈચારાની પ્રવૃત્તિ કરી રહી છે. ગુજરાતમાં અને ભારતમાં પણ આ પ્રવૃત્તિ વિસ્તરી છે. સ્કાઉટ ગાઈડ એક એવી પ્રવૃત્તિ છે જે મુશ્કેલીના સમયે સ્થિરતા કેળવી મદદ કરવા તત્પર રહે છે. મને આ પ્રવૃત્તિ સાથે જોડવાની તક આપી તે માટે હું શાળાનો ખૂબ આભાર વ્યક્ત કરું છું, તે સાથે જ દરેક વિદ્યાર્થી અને વાલીશ્રીનો પણ આભાર વ્યક્ત કરું છું કે જેમના સહકારથી આ પ્રવૃત્તિને વેગ મળ્યો. આ પ્રવૃત્તિ બાળકને ભવિષ્યમાં ઉપયોગી નીવડે અને તે માતા પિતા અને શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સાથે અસ્તુ.

**- રોમા પટેલ (શિશુમંદિર)**

## સંસ્થાકીય સમાચાર

### ચાંદો ઉગ્યો ચો...... કમાં.... !

આપણી શાળાના જે વિદ્યાર્થીઓ 'ગાંધી એન્ડ કંપની' મૂવી જોવા ગયા હતા તે સૌના ચહેરા પર આ લેખનું શીર્ષક 'ચાંદો ઉગ્યો ચો...કમાં...' વાંચીને જરૂર એક સ્મિત આવી ગયું હશે. અને કેટલાકે તો આ ગીત ફિલ્મમાં જે રીતે ગવાયેલું, એ લહેકાથી આ લીટી ગાઈ પણ લીધી હશે.

તા. ૬-૧૦-૨૨ને ગુરૂવારના રોજ આપણી શાળાના વિદ્યાર્થીઓને એમ.ડી.મીડિયા કોર્પોરેશન દ્વારા રચિત બાળફિલ્મ 'ગાંધી એન્ડ કંપની' જોવા લઈ જવાનું આયોજન કરેલ. ૧૬૫ વિદ્યાર્થીઓ અને ૧૪ શિક્ષકો સવારે ૯ થી ૧૧ ના સમયમાં સીજી રોડ ખાતે આવેલ ટાઈમ્સ સિનેમા ખાતે આ સુંદર ફિલ્મની મજા માણી.

આ ફિલ્મને દ્વીતીય શ્રેષ્ઠ ભારતીય સીનેમા, બેસ્ટ એક્ટર, ક્યુરેટર ચોઈસ, ગોલ્ડન સ્લીપર અને શ્રેષ્ઠ બાળફિલ્મના પુરસ્કાર મળ્યા છે. રેયાન શાહ, હિરણ્ય ઝીન્ઝુવાડિયા, ધ્યાની જાની, દર્શન જરીવાલા, જયેશ મોરે વગેરે અદાકારોના સહયોગથી દિગ્દર્શક મનીષ સૈની અને નિર્માતા મહેશ દાનાન્નવરે મજાની ફિલ્મ બનાવી છે.

અગિયાર વર્ષના બે બાળકો મીન્ટુ અને તેનો મિત્ર બહુ તોફાની વિદ્યાર્થીઓ છે. મીન્ટુને તેની અનિચ્છા છતાં સંજોગોવસાત માથાના વાળ કપાવી ટકોમુંડો કરાવવો પડે છે. આ ઘટનાનો લાભ લઈ તે શાળાની વેશભૂષા સ્પર્ધામાં મહાત્મા ગાંધીની ભૂમિકા ભજવે છે. આ દરમ્યાન બંને તોફાની બાળકો વિચારે છે કે 'ગાંધી તો કામનો માણસ છે' અને ત્યારપછી ગાંધીના નામે તેઓ ઘણા ખોટા કાર્યો કરવાનું શરું કરે છે અને મુશ્કેલીઓમાં સપડાય છે. તેમના મિત્ર અને સલાહકાર ભરતભાઈ તેમને ગાંધીજીના સાચા આદર્શો વિષે જાણકારી આપી સત્કાર્ય તરફ વાળે છે અને બંને બાળકો ગુજરાતના પૂર પીડિત લોકો માટે મદદ કરી પ્રાયશ્ચિત કરે છે.

ભરતભાઈ તરીકે દિગ્ગજ કલાકાર દર્શન જરીવાલાનું કામ અદ્ભૂત છે. તેઓ બાળકો સાથે મળીને ફિલ્મને માત્ર ઉપદેશાત્મક ન બનાવી દેતા રમૂજી પણ રાખે છે. સંગીત અને દિગ્દર્શન ખૂબ સુંદર છે. ફિલ્મનો અંત હજી વધુ અસરકારક બનાવી શકાયો હોત તેમ લાગ્યું. પણ એકંદરે ખૂબ સુંદર ફીલ્મ બનાવી છે.

આપણા બાળકોએ ફિલ્મની પૂરી મજા લીધી. ફિલ્મ દરમ્યાન આપણા બાળકોએ શિસ્તમાં રહેવાની સાથે સતત પોતાના હર્ષ અને આશ્ચર્યના ઉદગારો દ્વારા દર્શાવ્યું કે તેઓએ ફિલ્મનો એક હિસ્સો બનીને ફિલ્મમાણી છે. સૌ બાળકોને ફિલ્મઅને ગાંધીજીના સાચા આદર્શો વિષે નોંધ લખવાનો અનુરોધ કર્યો છે. આવનારા સમયમાં તેમની શ્રેષ્ઠ નોંધોને આપણે શારદ સામયિકમાં વાંચીશું.

**- સાકેત દવે**



## મતદાર સાક્ષરતા અભિયાન



શાળામાં ધો.૧૧-૧૨ના બાળકોને કે જેઓ ભવિષ્યના મતદારો છે તેમને મતદાર સાક્ષરતા અભિયાન અંતર્ગત માર્ગદર્શક સુચનાઓ શાળાના પ્રાર્થના ખંડમાં આચાર્ય શ્રી વી. સી. રાવલ સાહેબ દ્વારા માહિતગાર કરવાનો એક કાર્યક્રમયોજાયો, જેમાં ગાંધીજીના લોકશાહી અંગેના વિચાઓ અને NOTA ના બટન અંગે બાળકોને માહિતગાર કરવામાં આવેલ.

## સંસ્થાકીય સમાચાર

### આઝાદીકા અમૃત મહોત્સવ

આ અંતર્ગત શાળામાં કલા ઉત્સવ પ્રસંગે જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું જેમાં સંગીત-ગાયન, સંગીત-વાદન, ચિત્ર, લાલકવિ સ્પર્ધા જેવી સ્પર્ધાનું આયોજન થયું, ત્યારબાદ શાળામાં પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીઓને QDC લેવલ ઉપર સી.એન. વિદ્યાલયમાં મોકલવામાં આવેલ જયાં આપણી શાળામાંથી નીચેના વિદ્યાર્થીઓ વિજેતા બનેલ.

**સંગીતગાયન :** **શાહ રૈના કેતનકુમાર** - માધ્યમિક વિભાગ - પ્રથમ નંબર પ્રાપ્ત કરી રૂ.૩૦૦/-નું રોકડ ઈનામ મેળવેલ

**વખારીયા હેત્વી ચિરાગ** - ઉ.મા.વિભાગ - ત્રીજો નંબર પ્રાપ્ત કરી રૂ.૧૦૦/-નું રોકડ ઈનામ મેળવેલ

**સંગીત વાદન :** **દવે ધ્વની** -માધ્યમિક વિભાગ - બીજો નંબર પ્રાપ્ત કરી રૂ.૨૦૦/-નું રોકડ ઈનામ મેળવેલ

**પટેલ ક્રિષ્ના** - ઉ.મા.વિભાગ - બીજો નંબર રોકડ રૂ.૨૦૦/- નું રોકડ ઈનામ મેળવેલ

**ચિત્ર :** **બાબરીયા પ્રિયંકા આર.** - મા.વિ. - બીજો નંબર પ્રાપ્ત કરી રૂ.૨૦૦/- નું રોકડ ઈનામ મેળવેલ

**ટીકડીયા જાન્વી સુનિલકુમાર** - બીજો નંબર પ્રાપ્ત કરી રૂ.૨૦૦/- નું રોકડ ઈનામ મેળવેલ

QDCમાં પ્રથમનંબર મેળવેલ તમામ વિજેતાઓને SVS કક્ષા ઉપર મોકલવામાં આવેલ જ્યાં સંગીત ગાયનમાં શાહ રૈના કેતનકુમારને પ્રથમનંબર પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ ગોતા મોકલવામાં આવેલ જયાં તેનો બીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. તે બદલ ચિ.રૈના ને ખૂબ ખૂબ અભિનંદન.

---

## વાલીગણ વિભાગ

### બાળકના સર્વાંગી વિકાસમાં શાળા તરફથી મળતા સહકાર માટે હૃદયપૂર્વક આભાર સહ.

માનનીય આચાર્યશ્રી,

અમારો પુત્ર ચિ. પ્રાંશુ રાવલ આ શાળામાં ધો.૯-અમાં અભ્યાસ કરે છે. શાળામાંથી અભ્યાસની સાથે વિવિધ પ્રવૃત્તિઓ થકી બાળકોનો સર્વાંગી વિકાસ થતો રહે એ માટે આપની શાળાના શિક્ષકો અને સંચાલન મંડળ સતત પ્રયત્ન કરતા રહે છે જે ખૂબ જ આવકાર્ય છે.

ઓગસ્ટ ૨૦૨૨ના મહિનામાં ‘ભારત વિકાસ પરિષદ’ દ્વારા ‘ભારતને જાણો’ પ્રશ્નમંચનું લેખિત અને મૌખિક એમ તબક્કાવાર આયોજન થયેલ જેમાં ચિ. પ્રાશુ રાવલે લેખિતમાં પ્રથમ ક્રમ મેળવી મૌખિકમાં ટીમ તરીકે દ્વિતીય ક્રમપ્રાપ્ત કરેલ.

આ ઉપરાંત ઓગસ્ટ-૨૦૨૨ના મહિનામાં જ ‘અખિલ હિન્દ મહિલા પરિષદ’ દ્વારા એક શીઘ્ર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરેલ એમાં ચિ. પ્રાંશુ રાવલે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે.

અહીં અમે શારદામંદિર શાળાના આચાર્યશ્રી, શિક્ષકો અને સંચાલન મંડળનો ખાસ આભાર માનીએ છીએ કે તેઓ હંમેશા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે વિવિધ સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન અને જરૂરી બધો જ સહકાર પૂરી તત્પરતા અને આત્મીયતા સાથે પૂરા પાડે છે.

અમે અમારા પુત્રને ઉપરોક્ત સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન અને સહકાર પૂરો પાડવા માટે શારદામંદિર શાળાના હૃદયપૂર્વક આભારી છીએ.

- આપના વિશ્વાસુ,
અલ્પા રાવલ, જીજ્ઞેશ રાવલ

## શિશુમંદિર વિભાગ

**અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા યોજાયેલ તા. ૧૭-૯-૨૨ને શનિવારના રોજ તત્કાલ નિબંધ સ્પર્ધામાં આપણી શાળાના શિશુમંદિરના નીચે મુજબના વિદ્યાર્થીઓ વિજેતા બનેલ.**

૧. રાવલ પ્રાંશુ જીજ્ઞેશભાઈ (ધો.૬) પ્રથમ
૨. ડોડીયા ક્રિષ્ના સંદીપભાઈ (ધો.૫) દ્વીતીય
૩. મનાણી ધાર્મી યોગેશભાઈ (ધો.૫) તૃતીય
૪. જોષી કુલીશા વિમલકુમાર (ધો.૬) દ્વીતીય

---

**ભારતકો જાનો - પ્રશ્નમંચ ૨૦૨૨ અંતર્ગત મૌખિક પ્રશ્નમંચમાં ભાગ લઈ વિજેતા બનેલ વિદ્યાર્થીઓ**

રાવલ પ્રાંશુ જીજ્ઞેશભાઈ (ધો.૬) પ્રથમ
ત્રિવેદી દક્ષ ભાવિકભાઈ (ધો.૭) દ્વીતીય

---

**મંત્રી - મહામંત્રી ચૂંટણી વિજેતા**

| | | |
|---|---|---|
| મહામંત્રી - | કાચા શેષા અભિષેકભાઈ | (ધો.૮અ) |
| ઉપમંત્રી - | ખત્રી તન્વી ભાવેશભાઈ | (ધો.૮બ) |
| મહામંત્રી - | ત્રિવેદી કવન ચેતનભાઈ | (ધો.૮અ) |
| ઉપમંત્રી - | શાહ પાર્શ્વ નૂતનભાઈ | (ધો.૮બ) |

**શાળામાં થયેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓ**

**મહેંદી સ્પર્ધા (તા.૭-૭-૨૨)**

ખત્રી તન્વી ભાવેશભાઈ (ધો.૮અ) (ધવલગીરી)
ઘાંચી શ્રેયા બાબુભાઈ (ધો.૮અ) (ગંગોત્રી)
દરજી ઉર્વી રજનીકાંત (ધો.૭બ) (રત્નદીપ)
રાણા ક્રિશા નિતીનભાઈ (ધો.૮અ) (મેઘનાદ)
પરમાર આસ્થા કૃણાલકુમાર (ધો.૮બ) (મેઘનાદ)

**ગણેશ ડેકોરેશન (તા.૧-૯-૨૨)**

ત્રિવેદી કવન ચેતનભાઈ (ધો.૮અ) (ધવલગીરી)
ચૌહાણ રુદ્ર પ્રિતેશભાઈ (ધો.૬અ) (ધવલગીરી)
કાચા શેષા અભિષેકભાઈ (ધો.૮અ) (મેઘનાદ)
પ્રજાપતિ વીર વિજયભાઈ (ધો.૭અ) (રત્નદીપ)
રામી અનેરી ધવલભાઈ (ધો.૭અ) (ધવલગીરી)

**આરતી શણગાર (તા.૨૧-૯-૨૨, બુધવાર)**

પાંડવ આરાધ્યા મનોજકુમાર (ધો.૫બ) (ધવલગીરી) પ્રથમ
ટાંક વૃંદા તુષારભાઈ (ધો.૫અ) (રત્નદીપ) દ્વીતીય
ધામેલ શૌર્ય વૈભવકુમાર (ધો.૮અ) (ધવલગીરી) દ્વીતીય
ઉપાધ્યાય વંશ દુષ્યંતભાઈ (ધો.૭બ) (ગંગોત્રી) દ્વીતીય
ધામેલ ગ્રીષ્મા વૈભવકુમાર (ધો.૫બ) (રત્નદીપ) તૃતીય
અઘેરા મીહિર ગોપાલભાઈ (ધો.૭બ) (ધવલગીરી) તૃતીય

**તોરણ સ્પર્ધા (તા.૨૨-૯-૨૨, ગુરુવાર)**

ડાભી જીયા કેતનકુમાર (ધો.૮અ) (ગંગોત્રી) પ્રથમ
ચૌહાણ વિશ્વા પ્રકાશભાઈ (ધો.૭અ) (મેઘનાદ) દ્વીતીય
પટેલ જન્યા પરેશકુમાર (ધો.૬અ) (ધવલગીરી) દ્વીતીય
ડોડિયા ક્રિષ્ના સંદીપભાઈ (ધો.૫બ) (ગંગોત્રી) તૃતીય
પ્રજાપતિ આયુષ હરેશભાઈ (ધો.૭અ) (રત્નદીપ) તૃતીય

# Modern School and Modern Highschool

**25th June, Saturday: Election of General Secretary and Assistant General Secretary. The results are:**

General Secretary – Boys: Goswami Darsh Chirag
Girls: Goswami Diya Chirag

Assistant General Secretory – Boys: Patwa Khush Montubhai
Girls: Gohel Druma Vinodkumar

**1st July, Friday: Group Allotment and Election of Group Captains.**

Total number of students from standard 5 to 9 are allotted in different four groups. The selection of group captains is as under:

**Amaltas :**

| | |
|---|---|
| Dev Riteshbhai Shah | 1st Boy – Std-9 |
| Riddhi Birjubhai Solanki | 1st Girl – Std-9 |
| Hevin Viralbhai Prajapati | 2nd Boy – Std-8 |
| Varda Birenbhai Parekh | 2nd Girl – Std-8 |

**Kadam :**

| | |
|---|---|
| Tanish Chiragbhai Shah | 1st Boy – Std-9 |
| Jahal Mittalbhai Chudasama | 1st Girl – Std-9 |
| Preet Hirenbhai Nirmal | 2nd Boy – Std-8 |
| Vrushti Vinitkumar Rajput | 2nd Girl – Std-8 |

**Parijat :**

| | |
|---|---|
| Saiyam Himanshubhai Shah | 1st Boy – Std-9 |
| Khushi Mayurbhai Solanki | 1st Girl – Std-9 |
| Krushiraj Ghanshyamsingh Chauhan | 2nd Boy – Std-8 |
| Anshika Raghvendrapratap Rajput | 2nd Girl – Std-8 |

**Palash :**

| | |
|---|---|
| Dhruvin Chandreshbhai Chhasia | 1st Boy – Std-9 |
| Akshara Tejpalsingh Chauhan | 1st Girl – Std-9 |
| Agatsya Rupinkumar Divecha | 2nd Boy – Std-8 |
| Vaani Dhavalbhai Joshi | 2nd Girl – Std-8 |

MEHNDI is an ancient form of body art. Mehndi, also known as Heena, is a paste associated with positive spirits and good luck. Mehndi Competition was held on 9th July, 2022 on the occasion of Gaurivrat. All students participated and created beautiful designs. The winners are…

**1st Rank :** Dhara Jayeshbhai Parmar / Disha Kantibhai Parmar

**2nd Rank :** Druma Vinodkumar Gohel
Anishka Raghvendra Rajput
Devanshi Hiteshbhai Parmar
Bhavya Nareshbhai Chavda

**3rd Rank :** Siddhi Chandreshekhar Padhya
Sneha Jigneshbhai Khatri
Vaani Dhavalbhai Joshi
Zankhana Tulsibhai Chavda

**Mehndi Competition (Print on Hand)**

1st : Parmar Aarav Vipulbhai
2nd : Moradiya Panth Nilesh
3rd : Pandya Madhav Amitkumar
Varma Trisha Dhirajkumar

13th July, Wednesday: Celebration of Gurupurnima to honour the teachers, a special assembly was organized on the occasion of Gurupurnima. Students performed a prayer-dance expressing their love and gratitude towards their teachers. Students worshiped the teachers and got their blessings.

**4th August, Thursday: Celebration of Foundation Day**

Various competitions were organized on the occasion of the foundation day of our school. The winners are…

**Standard-1 : Rakhi Making**
1st : Kahan Viral Sanghvi
2nd : Yashvi Digeshwarsingh Raval
Pal Anand Chavda
3rd : Nihan Ankit Patel
Twisha Ankit Patel
Divija Pramesh Shah

**Drawing Competition**
1st : Twisha Ankit Patel
2nd : Nakshi Kunal Soni
3rd : Nihan Ankit Patel

**Standard-2 : Rakhi Making**
1st : Kavya Mmitalkumar Gandhi
2nd : Mahi Sureshbhai Parmar
Navya Parth Bhatt
3rd : Shrey Pramodkumar Vaniya
Tanvi Sandipbhai Parmar

**Drawing Competition**
1st : Marvin Manishbhai Moradiya
2nd : Zeel Rameshbhai Prajapati
3rd : Navya Parth Bhatt

**Standard-3 : Rakhi Making**
1st : Shaan Jayeshbhai Parmar
2nd : Trisha Dhirajkumar Varma
Hitanshi Vijay Desai
3rd : Madhav Amitkumar Pandya
Darshan Vijaybhai Vaghela

**Drawing Competition**
1st : Moksh Gaurangbhai Mehta
2nd : Hitanshi Vijay Deai
3rd : Aarav Vipulbhai Parmar

**Standard-4 : Rakhi Making**
1st : Rudrasinh Manohar Rathod
2nd : Kenil Nikhilbhai Kacha
Milit Mehulbhai Kukadia
3rd : Devarshi Anandkumar Dave
Trushil Kamleshbhai Vaghela
Aadhya Hadmat Prajapati

**Drawing Competition**
1st : Dhairya Bhaveshkumar Sanghvi
2nd : Aradhya Prafulbhai Makwana
3rd : Jiya Dharmeshkumar Patel

**Standard-5 Rakhi Making**
1st : Jahnvi Hemrajbhai Rathod
Riya Ketankumamr Shah
2nd : Veer Amitbhai Shah
Aryan Gautambhai Vora
3rd : Dhruvi Niral Mehta
Tanisha Hiralbhai Shah

**Drawing Competition**
1st : Hiya Bharat Solanki
2nd : Anshul Rajeshkumar Moradia
3rd : Riya Ketankumar Shah

**Standard-6 : Rakhi Making**
1st : Aditya Jaydatt Salunke
2nd : Naitik Himanshubhai Muchhadiya
3rd : Jenney Bhavin Shah
Siya Hiren Mandalia
Purva Vinitkumar Rajput

**Drawing Competition**
1st : Twisha Ankit Patel
2nd : Nakshi Kunal Soni
3rd : Nihan Ankit Patel

# Modern School and Modern Highschool

**Standard-7 : Craft Activity**
1st : Sneha Jigneshbhai Khatri
2nd : Maahi Mihirkumar Mistry
3rd : Mishtee Akashbhai Saraiya

**Drawing Competition**
1st : Prachi Devangbhai Vora
2nd : Sanskruti Vishalbhai Parmar
3rd : Mishtee Akashbhai Saraiya

**Standard-8 : Creative Activity**
1st : Hevin Viralkumar Prajapatai
2nd : Khushi Ankitbhai Shah
3rd : Aman Anilkumar Shah
Anshika Raghvendra Singh

**Drawing Competition**
1st : Yug Mahesh Darji
2nd : Khushi Ankitbhai Shah
3rd : Aman Anilkumar Jayswal

**9th September, Friday:** Sports Day. The activities during the sports day are Running Race, Balance, Lemon & Spoon, Blind Shoot, Musical Chair

in Std. 9 to 12 Various competitions were organized on the occasion of the foundation day of our school. The winners are…


| | | | |
|---|---|---|---|
| **Singing Competition** | 1st : Jahnvi J. Solanki | | |
| | 2nd : Veli P. Thakore & Isha Y. Nagar | | |
| | 3rd :Siddharth D. Shah &Hem C. Joshi | | |
| **Elocution Competition** | 1st : Dhyana Soni | | |
| | 2nd : Vaidehi Solanki & Aarya Shah | | |
| | 3rd :Priya Vishwakarma | | |
| **Quiz Competition** | 1st : Team – E | | Krisha A. Prajapati |
| | | | Suhani M. Sheth |
| | | | Shihali N. Mehta |
| | 2nd : Team – C | | Aditya T. Raval |
| | | | Devam G. Patel |
| | | | Harsh K. Chunawala |
| | 3rd : Team – H | | Yug D. Jani |
| | | | Sunny S. Rajput |
| | | | Mihir N. Jaiswal |
| **Drawing Competition** | Std-9 | 1st | Priya Vishwakarma |
| | | 2nd | Dhruvin Chhasia |
| | | 3rd | Jetashri Purani |
| | | | Riddhi Solanki |
| | Std.10 | 1st | Prasiddh Kakkad |
| | | 2nd | Manish Gujar |
| | | 3rd | Abhishek Varma |
| | | | Meetgiri Goswami |
| | Std.11 | 1st | Jainam M. Shah |
| | Std.-12 | 1st | Arya Sanjay Kantawala |

An elocution competition is the art of public speaking that gives us self-boost and confidence to speak in front of a large audience. The bond between teacher and student reflects in the elocution competition as the teacher guides the child from choosing the topic to helping the child practice it multiple times. Our students participated in the elocution competition organized by ROTARY CLUB at M.G. SCIENCE INSTITUTE on 27th August,2022. They were given certificates. Teachers had also done special efforts in preparing students. The details about the participants are as under.

**Rotary Club Elocution Competition - Entry Form**

| Sr. | Name of Participant | Std | Topic | Language |
|---|---|---|---|---|
| 1 | Mehta Dhruvi Niral | 5th | The Junk Food | English |
| 2 | Shah Riya Ketankumar | 5th | If I had a Superpower | English |
| 3 | Solunke Aditya Jaydatt | 6th | The Junk Food | English |
| 4 | Shah Dhagash Dipakkumar | 7th | How to overcome the fear of Examination? | English |
| 5 | Nirmal Preet Hiren | 8th | Will banning plastic bags really help to the society? | English |
| 6 | Vishwakarma Priya Rakesh | 9th | Do exam result enough determine the student's work? | English |
| 7 | Shah Kshitij Hemangbhai | 10th | Do exam result enough determine the student's work? | English |
| 8 | Raval Vedant | 10th | Do exam result enough determine the student's work? | English |

## શ્રધ્ધાંજલિ



**શ્રી ગૌતમભાઈ ચંદ્રકાન્તભાઈ ગાંધી**, તેઓ શહેરના નામાંકિત વકીલ હતાં. ૧૯૬૦થી તેઓ એમનો વકીલાતનો પારિવારિક વ્યવસાય સંભાળતા હતાં. ૬૨ વર્ષની વકીલાતની કારકિર્દીમાં તેઓ શહેરની અગ્રણી મિલો, Corporate House વિગેરેમાં Director, Legal Adviser તરીકે તેમની સેવા આપતા હતાં. અમને જણાવતા આનંદ થાય છે કે તેઓ આપણી શાળા શારદામંદિર જોડે ઘણા વર્ષોથી સંકળાયેલા હતાં. ટ્રસ્ટી, મંત્રી અને છેલ્લે પ્રમુખ તરીકે શાળામાં એમણે એમની સેવાઓ આપી હતી. છેક છેલ્લે સુધી એ શાળાના વિકાસના કામોમાં જોડાયેલા હતાં. તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૨ના રોજ એમનું અવસાન થતા શાળાએ એક મુરબ્બી સભ્ય ગુમાવ્યા જેની ખોટ શાળાને સદાય રહેશે. શાળા એમના યોગદાન અને એમની સેવાઓ માટે એમને કાયમ યાદ કરશે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

---



શારદામંદિર વિનયમંદિર વિભાગના ભૂતપૂર્વ શિક્ષક **શ્રી રમણભાઈ ભટ્ટ** (ઉંમર ૯૦ વર્ષ)નું સપ્ટેમ્બર ૫, ૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનો હસતો ચહેરો અને શિક્ષણ આપવાની સરળ ઢબ આજે પણ એમના વિદ્યાર્થીઓને યાદ છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે . ૐ શાંતિ.

---



શારદામંદિર બાલમંદિર વિભાગના ભૂતપૂર્વ શિક્ષીકા **બહેનશ્રી સવિતાબહેન શાહ** (ઉંમર ૯૮ વર્ષ)નું ઓક્ટોબર ૧૧, ૨૦૨૨ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. શિક્ષક થયા બાદ, લગભગ ૧૯૪૮ની આસપાસ તેઓ શારદામંદિર બાલમંદિરમાં જોડાયા હતા અને નિવૃત્તિવય સુધી સતત ચાલીસથી પણ વધારે વર્ષ તેમણે બાળવિદ્યાર્થીઓને ભણતર અને ગણતરના પાઠ પ્રેમથી આપ્યા. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે . ૐ શાંતિ.

---

**Shardamandir Centenary Celebration,**
**શતાબ્દી મહોત્સવ (શ્રાવણ ૧૯૨૪ થી શ્રાવણ ૨૦૨૪)**

૨૦૨૩ના શ્રાવણ માસથી ૨૦૨૪ ના શ્રાવણ માસ સુધી શાળાના ૧૦૦ વર્ષના પ્રવેશ સાથે, શતાબ્દી મહોત્સવ દરમિયાન આખું વર્ષ જુદા જુદા કાર્યક્રમો યોજવા અને ૨૦૨૪ માં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં, ૩ દિવસનો ભવ્ય કાર્યક્રમ કરવાની ઈચ્છા છે. આ માટે કયા કાર્યક્રમો કરવા જોઈએ તે અંગે તમારા વિચારો નીચેના ઈ-મેલ પર જણાવશો. જે કમિટી સમક્ષ રજૂ થશે.

shardamandir.ahmedabad@gmail.com

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**

નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

‘શારદ’નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.